BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# ડાઉનટાઉન બ્રેમ્પટનમાં આરઆઈસી સેન્ટરના સ્થળાંતરથી શહેરનું વિકાસ પામી રહેલું ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ વધારે આકર્ષક બનશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 28, 2020) – ફેબ્રુઆરી 5 નાં રોજ, બ્રેમ્પટન કાઉન્સિલે રિસર્ચ ઈનોવેશન કોમર્સિયલાઈઝેશન (આરઆઈસી) સેન્ટરનું સ્થળાંતર બ્રેમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં કરવા સંબંધિત ભંડોળ મંજૂર કર્યું. આપણાં શહેરે ડાઉનટાઉન બ્રેમ્પટનમાં આરઆઈસી સેન્ટરના સ્થળાંતરને સહાયતા કરવા આરઆઈસી સેન્ટર સાથે ત્રણ વર્ષ માટે વર્ષ દીઠ $100,000 સુધીનો ગ્રાન્ટ કરાર કર્યો છે. આ વર્ષે એપ્રિલમાં આરઆઈસી સેન્ટર 6 જ્યોર્જ સ્ટ્રીટ ખાતે પોતાના નવા ડાઉનટાઉન સ્થળે પોતાના દરવાજા ખુલ્લા મૂકશે.

ઈનોવેશન કોરિડોરમાં સ્પર્ધાત્મક બનવા, બ્રેમ્પટન ધંધાકીય સાહસિકોને તેઓની યાત્રાના દરેક તબક્કે સહાયરૂપ બનવા ઉપલબ્ધ સંસાધનો સાથે એક મજબૂત ઈનોવેશન ડિસ્ટ્રિક્ટને સહાયતા કરવા જરૂરી મદદ ઉપલબ્ધ કરાવી રહ્યું છે.

ધંધાકીય સાહસિકોના ધંધાઓને આગળના સ્તરે લઈ જવામાં તેઓને મદદ કરતી સંસ્થા, આરઆઈસી સેન્ટર, બ્રેમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં એક નિર્ણાયક ઉમેરો છે, જેમાં સામેલ છે:

- રોજર્સ સાઈબર સિક્યોર કેટાલિસ્ટ
- બ્રેમ્પટન એન્ટરપ્રિન્યોર સેન્ટર (વિચારણા અને સહકાર કેળવવાનું સ્થળ)
- રાયરસન-બ્રેમ્પટન ઈનોવેશન ઝોન (સ્ટાર્ટઅપ ઈનક્યુબેટર)
- સેન્ટર ફોર ઈનોવેશન (નવીન શોધ માટેનું કેન્દ્ર)
- આરઆઈસી સેન્ટર (સ્કેલ-અપ ઈનક્યુબેટર)

આરઆઈસી સેન્ટર ક્લીનટેક, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, હાર્ડવેર અને સોફ્ટવેર સ્ટાર્ટઅપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરતું એક ટેકનોલોજી ઈનક્યુબેટર છે. તે પોતાનો વિકાસ ઝડપી બનાવવા ઈચ્છતા અને પોતાના ધંધાનું વધારે ઝડપથી બજારીકરણ કરવા ઈચ્છતા ધંધાકીય સાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને પરિપક્વ ટેક કંપનીઓને  ધંધાકીય સ્ટાર્ટઅપ સેવાઓ અને ઈનક્યુબેટર સ્પેસમાં પહોંચ પૂરી પાડે છે. બ્રેમ્પટનમાં નવીન શોધ અને ધંધાકીય સાહસિકતાના નેટવર્કસને ટેકો આપતી પહેલો પર સહયોગ સાધીને, બ્રેમ્પટનની આર્થિક વિકાસ ટીમે ઘણાં વર્ષોથી આરઆઈસી ટીમ સાથે ઘનિષ્ઠપણે કામ કર્યું છે. છેલ્લાં ચાર વર્ષ ઉપરાંતના સમયથી, આરઆઈસી સેન્ટરે 600 ઉપરાંત સક્રિય ગ્રાહકોને $110M ઉપરાંતનું ભંડોળ એકઠું કરવામાં, $97M ની આવક કમાવામાં અને 1,642 નોકરીઓ ઊભી કરવામાં મદદ કરી છે.

બ્રેમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં આરઆઈસી સેન્ટરનો ઉમેરો રાયરસનના ઈનોવેશન ઝોન અને ડાઉનટાઉન બ્રેમ્પટનના ઈનોવેશન ડિસ્ટ્રિક્ટમાં સ્થિત કેનેડાના પહેલા સાઈબર સિક્યુરિટી એક્સલરેટરની ઘોષણાઓની રાહ પર છે.

સાઈબર સિક્યુરિટી અને સંબંધિત ક્ષેત્રોમાં કેનેડિયન સ્કેલ-અપ કંપનીઓને વિકસવા અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ થવા જરૂરી સંસાધનો પૂરા પાડીને આ વસંતઋતુમાં શરૂ થતું, બ્રેમ્પટનનું કેટાલિસ્ટ સાઈબર એક્સલરેટર કેનેડાની સાઈબર સિક્યુરિટી ઈકોસિસ્ટમને સહાયરૂપ બનશે.

રાયરસનની આગેવાનીમાં બ્રેમ્પટન ઈનોવેશન ઝોન રાયરસન યુનિવર્સિટીના વિશ્વ પ્રખ્યાત ઝોન નેટવર્કને અનુસરેલું મોડેલ બન્યું છે અને તેની સાથે સંકળાયું છે. લોકોને તર્કસભર વિચારણા કરવા, પ્રોજેક્ટ્સ ઝડપથી શરૂ કરવા, અને સ્ટાર્ટઅપ્સને શરૂઆતના તબક્કાની વિકસતી કંપનીઓમાંથી સ્થાપિત સમૃદ્ધ ધંધાઓમાં પરિવર્તિત કરવામાં મદદ મેળવવા તેની ડિઝાઈન કરવામાં આવી છે. તે ડાઉનટાઉન બ્રેમ્પટનમાં વર્ષ 2020 ની શરૂઆતમાં શરૂ થશે.

**અવતરણો (ક્વૉટ્સ):**

# BRAMPTON Media Release

“આ શહેરે ભૂતકાળમાં આરઆઈસી સેન્ટર સાથે વ્યાપકપણે કામ કર્યું છે અને તેઓ સાથે લાંબા-સમયથી હકારાત્મક સંબંધ ધરાવે છે. અમે અમારી ઈનોવેશન ઈકોસિસ્ટમ વિકસાવીએ છીએ ત્યારે તેઓ સાથે ભાગીદારી કરવામાં રોમાંચિત છીએ. તેઓ અને અમારા અન્ય ભાગીદારો સાથે મળીને, અમે એક મજબૂત ઈનોવેશન ડિસ્ટ્રિક્ટ બનાવી રહ્યાં છીએ, જે અમને અમારા ધંધાકીય સાહસિકો અને ધંધાઓને તેઓની યાત્રાના દરેક તબક્કે ટેકો આપવા દેશે. આ ભાગીદારી તેમાં સામેલ સૌ લોકો માટે એકસરખી જીત સમાન છે – ખાસ કરીને અમારા ધંધાકીય સાહસિકો અને ધંધાકીય માલિકો માટે. આરઆઈસી સેન્ટરમાં આપનું સ્વાગત છે!”

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"અમે બ્રેમ્પટનને તકો આપતું શહેર બનાવવા અને બ્રેમ્પટનમાં ધંધાઓ, ધંધાકીય સાહસિકો અને નોકરીઓ આકર્ષવા અમારી કાઉન્સિલની અગ્રતાને આગળ વધારવાનું કામ કરી રહ્યાં છીએ ત્યારે આરઆઈસી સેન્ટરમાં અમારું રોકાણ મહત્વનું બની રહે છે.”

- *પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; ઉપાધ્યક્ષ, આર્થિક વિકાસ અને સંસ્કૃતિ, સીટી ઓફ બ્રેમ્પટન*

“ઈનોવેશન કોરિડોરની મધ્યમાં આપણાં મુખ્ય સ્થળ વડે, બ્રેમ્પટન નવીન શોધમાં વૈશ્વિક આગેવાન બનવાના લક્ષ્ય સાથે પોતાની ઈનોવેશન ઈકોસિસ્ટમ વિકસાવી રહ્યું છે. અમારા કર્મચારીઓ ભાગીદારીઓ કરવા અને જરૂરી પરિસ્થિતિઓ સુલભ બનાવવા કટિબદ્ધ છે જેથી બ્રેમ્પટનને ધંધાકીય સાહસિકો અને ધંધાઓ માટે શ્રેષ્ઠ સ્થળ બનાવી શકાય.”

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

“અમે બ્રેમ્પટનમાં સ્થળાતંર કરવામાં રોમાંચ અનુભવીએ છીએ. અમે પાછલાં કેટલાક વર્ષોમાં અમારા કામમાં બ્રેમ્પટન સાથે ઉત્તમ સંબંધો બનાવ્યા છે, અને અમે અમારા નવા સ્થળે સ્થાપિત થઈએ એટલે અમારી ઘણી નવી તકો વિશે રોમાંચિત છીએ. ડાઉનટાઉન બ્રેમ્પટન એક ગજબની ઊર્જા – હાર્દસમા ધબકારા – ધરાવે છે અને અમે ત્યાં ઈનોવેશન ઈકોસિસ્ટમનો ભાગ બનવા રોમાંચિત છીએ.”

- *પામ બેંક્સ, એક્ઝિક્યુટિવ ડાઈરેક્ટર, આરઆઈસી સેન્ટર*

“આરઆઈસી સેન્ટરનો ઈનક્યુબેટર પ્રોગ્રામ B2B (બિઝનેસ ટૂ બિઝનેસ) ધંધાઓની સાથે સાથે, માત્ર સોફ્ટવેર માટે ન હોય તેવા ધંધાઓ માટે પણ બહુ સારી રીતે ડિઝાઈન કરેલો છે અને તેમાં બહુ જટિલ ઉત્પાદો છે જેમાં બહુ જટિલ ધંધાકીય મોડેલ અને વિકાસ વ્યૂહરચનાની જરૂર પડતી હોય.”

- *હમિદ અલેમોહમ્મદ (Hamid Alemohammad), AOMS સહ-સંસ્થાપક; ભૂતપૂર્વ આરઆઈસી ઈનક્યુબેટર ગ્રાહક જેઓએ 2 વર્ષોમાં 300% આવકમાં વૃદ્ધિ જોઈ હતી.*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca